ભારતીય રિઝર્વ બેંક/2006-07/212
સંદર્ભ. નં.ડીજીબીએ.સીડીડી.નં.એચ.9743/15.01.001/2006-07

18 ડિસેમ્બર, 2006

શ્રી અધ્યક્ષ અને મેનેજીંગ ડિરેકટર
સરકારી હિસાબ ખાતુ, વડી કચેરી
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા / સ્ટેટ બેંક ઓફ ઈન્દોર / સ્ટેટ બેંક ઓફ પતિયાળા
સ્ટેટ બેંક ઓફ બીકાનેર અને જયપુર / સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર
સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર / સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ / સ્ટેટ બેંક ઓફ મૈસુર
અલાહાબાદ બેંક / બેંક ઓફ બરોડા / બેંક ઓફ ઈન્ડિયા / બેંક ઓફ મહારાષ્ટ્ર /
કેનેરા બેંક / સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા / કોરપોરેશન બેંક / દેના બેંક / ઈન્ડિયન બેંક /
ઈન્ડિયન ઓવરસિઝ બેંક / પંજાબ નેશનલ બેંક / સિન્ડીકેટ બેંક / યુકો બેંક /
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા / યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા

શ્રીમાન,

**ખાસ થાપણ યોજના, 1975 –**
**કેલેન્ડર વર્ષ 2006 માટે વ્યાજની ચુકવણી**

અમારો તા.20 ડિસેમ્બર, 2005 નો પરિપત્ર નં.ભારતીય રિઝર્વ બેંક/2005/235 સંદર્ભ નં.ડીજીબીએ.સીડીડી.15.01.001/એચ-8400/2005-06, જોવા વિનંતી. તેમાં અમે આપને 2006 ના કેલેન્ડર વર્ષ માટે ખાસ થાપણ હિસાબમાં વાર્ષિક 8% ના દરે વ્યાજ ચૂકવવાની સલાહ આપી હતી.

2. આ સંબંધમાં, ભારત સરકારે સમર્થન કર્યું છે કે 2006 ના કેલેન્ડર વર્ષ માટે ખાસ થાપણ યોજના અંગે વ્યાજનો દર વધુ હુકમ ન થાય ત્યાં સુધી વાર્ષિક 8% લેખે યથાવત્ રહે છે અને તદ્નુસાર કેલેન્ડર વર્ષ 2006 માટે પણ ખાતેદારોને ખાસ થાપણ યોજનાના હિસાબ પર વાર્ષિક 8% ના દરે નાણાં લેનારના ખાતાના ચેક રૂપે ચૂકવવા તમામ થાપણ કચેરીઓને સૂચના આપવાની તમને સલાહ આપવામાં આવે છે.

3. અમારા તા.30 ડિસેમ્બર, 2003 ના પરિપત્ર (નકલ સામેલ છે) માં જણાવેલ, આજે લાગુ પાડવાપાત્ર છે તેમ ફરી ફરી કહીને, 2006 ના કેલેન્ડર વર્ષ માટે ખાતેદારોને જાન્યુઆરી, 2007 ના પ્રથમ અઠવાડિયામાં વ્યાજની ચુકવણી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા તમામ થાપણ કચેરીઓને તમે પણ સૂચનાઓ આપી શકો છો.

4. આ પત્ર મળ્યાની પહોંચ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(ઈમ્તિયાઝ એહમદ)
સહાયક મહાપ્રબંધક